॥ चैतन्य ॥
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# "બાપુની દીકરી મીરાબેન સ્લેડ: જીવન અને કવન"

ડૉ.તૃપ્તિ આચાર્ય
અધ્યાપક સહાયક, ઈતિહાસ વિભાગ
કવિ શ્રી બોટાદકર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ,બોટાદ

## ટૂંકસાર

પ્રસ્તુત લેખમાં ગાંધીજીની ખુબજ નજીક રહેલા અને ખૂબ લાંબા સમય સુધી બાપુના અંગત સેવિકા રહેલા મીરાબેનની વાત કરવામાં આવી છે. તેઓ ઇંગ્લેન્ડમાં જન્મ્યા હતા અને ભારતમાં આવી બાપુની સેવામાં જોડાયા હતા. સાબરમતી આશ્રમમાં આવ્યા બાદ તેમણે ભારતમાં તેમણે કરેલ કાર્યોની વિગતે નોધ આ લેખમાં કરવામાં આવી છે. મીરાબેન પોતે એક સાધ્વી અને બ્રહ્મચારી મહિલા હતા અને તેમણે આખું જીવન સાધના અને ભારતની સેવામાં વિતાવ્યું હતું. મીરાબેન પોતે વિદેશી હોવા છતાં તેઓ સંપૂર્ણ ભારતીય બની ગયા હતા અને ખરા દિલથી ભારતીયોની સેવા કરી હતી. બાપુ અને મીરાબેન નો સંબંધ એક સન્યાસી સાધુ અને સિશ્ય જેવો મને લાગ્યો રહ્યો હતો. મિરાબેને બાપુની સાથે ઘણા પ્રવાસો કર્યા હતા અને બાપુની સેવાની કોઈ તક તેમણે જવા દીધી હોય તેવું નથી લાગતું. તેમણે રચનાત્મક કાર્યોમાં પણ પ્રસંસનીય કાર્ય કર્યું હતું. દેશની આઝાદીની લડતમાં પણ તેમણે ઘણી મોટી સેવા કરી હતી . આમ મીરાબેન ઉપરના મારા આ લેખમાં તેમના જીવન સંબંધિત માહિતી આપવામાં આવી છે.

**ચાવીરૂપ શબ્દો** : મીરાબેન સ્લેડ = મેડલીન સ્લેડ(મહાત્મા ગાંધીએ મીરાં નામ આપ્યું), એડમિરલ = જલસેનાનોવડો, ઈસ્ટ ઈંડિજ = ભારત સહિતના પૂર્વના પ્રદેશો, સાબરમતી આશ્રમ = મહાત્મા ગાંધીએ સાબરમતી નદીના કાંઠે સ્થાપેલો આશ્રમ,

## પ્રારંભિક જીવન

મીરાબેનનો જન્મ ૨૨ નવેમ્બર ૧૮૯૨ના રોજ લંડનના એક સુસંસ્કૃત કુલિન ધનાઢ્ય પરિવારમાં થયો હતો. આથી તેમનું પાલન પોષણ તથા શિક્ષણ પણ તેને અનુરૂપ આપવામાં આવ્યું હતું. તેમના પિતા બ્રિટિશ લશ્કરની જલસેનાના એડમિરલ હતા, જેથી મીરાબેનને

બાળપણ થી જ કોઈપણ વસ્તુનો અભાવ નહતો, તેમના ઘરમાં ૧૮ જેટલા નોકર ચાકર હતા. તેમની માટે દરેક પ્રકારની શુખ સુવિધા ઉપલબ્ધ હતી.તેમ છતાં તેઓ પાંચ છ વર્ષની ઉમરથીજ આ આડંબર યુક્ત જીવનથી મુક્ત થવા લાગ્યા હતા અને કુદરતી જીવન તરફ વળ્યા હતા. જ્યારે કુમારી મેડલીન સ્લેડના પિતા ઈસ્ટ ઈંડિજ સેનાના પ્રધાન સેનાપતિ બનીને ૧૯૦૮ માં ભારત આવ્યા ત્યારે તેમની ઉમર માત્ર ૧૫ વર્ષની હતી. અહી પ્રકૃતિની નિકટતાનો આનંદ માણવા તેમણે મુંબઇનો પ્રવાસ કર્યો ત્યારબાદ શ્રીલંકા, ઈરાન, કુવૈત, બહરિન અને મસકત વગેરે દેશોના પ્રવાસો કર્યા હતા. ત્યારબાદ તેઓ બે વર્ષ મસકતમાં રહી ઈંગ્લેન્ડ પાછા ફર્યા હતા. આ સમયે પ્રથમ વિશ્વ યુદ્ધ ચાલુ હતું તેથી આ કપરો સમય તેમણે ઈંગ્લેન્ડમાં વિતાવ્યો હતો. તે સમયે દુનિયાના તમામ દેશો રાજકારણમાં પોતપોતાના સ્વાર્થ માટે પરીવર્તન કરતાં હતા.આમ અહી મીરાબેને કિશોરાવસ્થામાં દુનિયાનું એક એવું ચિત્ર જોયું જેને બદલવાની ઈચ્છા તેમને થઈ હતી.[૧] તેમને એકાંત અને પ્રાકૃતિક દ્રશ્યો ખૂબ ગમતા હતા,પ્રકૃતિ તથા એકાંતમાં આસ્થા રાખવાવાળા કુમારી સ્લેડ સંગીત તરફ વડે તેમાં નવાઈ નહતી.આથી તેમણે સંગીત તરફ વધારે રૂચિ રાખી હતી, જેના કારણે તેઓ મહાન સંગીતકાર બિથોવનના સંગીતમાં રસ લેતા થયા હતા. તેમણે બિથોવનના સંગીતમાં પૂર્ણ રીતે ડૂબવા માટે જર્મન ભાષા પણ શીખી હતી અને લંડનમાં થોડો સમય વિતાવ્યા પછી તેમણે જર્મની તથા ઓસ્ટ્રિયા જવાનું નકકી કર્યું હતું. તેઓ પોતાના સ્વખર્ચે બિથોવન સંગીત સમારોહનુ આયોજન કરતાં હતા અને તેથીજ તેઓ બિથોવનના જન્મ સ્થળ અને સમાધિ સ્થળે પણ ગયા હતા.બિથોવન અને બિથોવનનું સંગીત તેમના આરાધ્ય બની ગયા હતા. લંડનમાં પાછા આવીને તેઓ આજ સંગીતમાં ખોવાય ગયા હતા. તેજ સમયે ફ્રાન્સના પ્રસિધ્ધ સાહિત્યકાર તથા નોબેલ પુરસ્કાર વિજેતા રોમારોલા સાથે ૧૯૨૩ માં તેમની મુલાકાત થઈ હતી. તેઓ ન કેવળ સાહિત્ય તથા સંગીતની દુનિયાના પ્રસિદ્ધ વ્યક્તિ હતા,સાથેજ ગાંધીજીના ચિંતન તથા તેમની કામગીરીને પણ સારી રીતે જાણતા હતા. તેથી તેમણે મીરાબેનને ગાંધીજી વિષે જણાવ્યુ કે તેમને ઈશુ ખ્રિસ્તનું સ્વરૂપ માનવામાં આવે છે. તથા તેમણે મહાત્મા ગાંધી નામની પુસ્તક પણ લખી છે. પરંતુ અત્યારે તે પ્રેસ માં છે આથી પુસ્તક જ્યારે પ્રેસમાથી છપાઈને આવી ત્યારે મીરબેને તેને ખરીદીને વાંચી અને વાંચ્યા બાદ તેઓ પણ ગાંધીમય થઈ ગયા હતા. મહાત્મા ગાંધી વિષે વાંચ્યા બાદ મેડલીન સ્લેડને લાગ્યું હતું કે મહાત્મા ગાંધીજ એ આજ્ઞાંત છે જેને મારે મેળવવા છે. આમ મીરાબેનને ભારત ગાંધીજી પાસે જવાનો દિશા નિર્દેશ રોમારોલાએ કર્યો હતો.[૨]

## મેડલીન સ્લેડનું ભારત આગમન ૧૯૨૫

મેડલીન સ્લેડે ૨૫ નવેમ્બર ૧૯૨૫ના રોજ ભારતની યાત્રા શરૂ કરી હતી. તેઓ ૬ નવેમ્બરે મુંબઈ બંદરે ઉતર્યા હતા. ત્યાં તેમને લેવા માટે દેવદાશ ગાંધી અને દાદા ભાઈ નવરોજીનો પરિવાર પોહચ્યો હતો. તથા ૭ નવેમ્બરે મેડલીન સ્લેડ ટ્રેન દ્વારા અમદાવાદ પોહચ્યા હતા. જ્યાં તેમને લેવા માટે મહાદેવભાઈ દેસાઇ, વલ્લભ ભાઈ પટેલ તથા સ્વામી આનંદ ગયા હતા. સાબરમતી આશ્રમમાં પોહચ્યા બાદ મેડલીન સ્લેડ ગાંધીજીના પાગોમાં પડી ગયા હતા બાપુએ તેમને ઊભા કરી " **તું મારી દીકરી છે** " કહી પોતાની છાતીએ લગાવી દીધા હતા. ત્યારથી મીરાબેન બાપુની સેવામાં પૂર્ણ રીતે લાગી ગયા હતા. મેડલીન સ્લેડની ભારત તથા ભારતીય સંસ્કૃતિ તરફની શ્રદ્ધા તથા ભક્તિ જોઈને ગાંધીજીએ તેમને થોડા સમય માજ ભારતીય નામ "**મીરા**" આપ્યું હતું, ત્યારથી તેઓ મીરાબેન તરીકે ઓળખાયા હતા.મીરાબેન આ દિવસને પોતાનો પુનર્જન્મ માનતા હતા.[3]

## સાબરમતી આશ્રમ અને મીરાબેન

મિરાબેને જ્યારે રોમારોલા દ્વારા લિખિત પુસ્તક વાંચ્યું હતું ત્યારથી તેઓ બાપુને મળવા માંગતા હતા,પણ મીરાબેન ઉપર બાપુની જીવન પધ્ધતિની ઘણી ઊંડી છાપ પડી હતી તેથી સાબરમતી આશ્રમમાં આવ્યા પહેલાજ તેમણે આશ્રમના નિયમો,રેંટિયા પર કાંતવાનું,પ્રાર્થના,સફાઈ,શ્રમ,નીચે બેસવાની પધ્ધતિ,વગેરેની તાલીમ પોતે એક વર્ષ દરમિયાન લીધી હતી.તેમજ બાપુને મળવા આવ્યા ત્યારે ભારતથી ખાડી મંગાવીને તેમાથી તૈયાર કરેલ ડ્રેસ પહેર્યો હતો.[૪] સાબરમતી આશ્રમ પહોચ્યા પછી મીરાબેન આશ્રમના નિયમોનું એક અનુશાષિત સૈનિકની જેમ પાલન કરતાં હતા. તેઓ સવારે ચાર વાગે ઊઠીને ૪:૨૦ કલાકે પ્રાર્થના સ્થળે પોહચી જતાં હતા. આશ્રમમાં તેઓ આશ્રમની સફાઈ કરતા, પાયખાનું તથા પેશાબ ઘરની પણ સફાઈ કરતાં હતા. નેપાળના તુલસી મેહર મીરાને રૂ માંથી કાંતતા શીખવાડતા હતા. ભારતની ગરમ આબોહવાને કારણે ઘણીવાર તેઓ બીમાર થઈ જતાં હતા આથી ગાંધીજીએ તેમને પોતાનું ભોજન જાતે બનાવવાનું કહ્યું હતું.આથી તેઓ જાતે ભોજન બનાવવા લાગ્યા હતા. અહીથી તેમને સ્વાવલંબનનો પ્રથમ પાઠ શીખવા મળ્યો હતો.આશ્રમમાં રહ્યા પછી થોડાજ સમયમાં તેઓ ખાનપાન,રહેણી કરણી તથા પહેરવેશમાં સંપૂર્ણ ભારતીય

બની ગયા હતા.તેઓ તેમનો વધુમાં વધુ સમય ગાંધીજીની સેવામાં વિતાવવા લાગ્યા હતા તથા ગાંધીજીની સાથે પ્રવાસ પણ કરવા લાગ્યા હતા.એક વખત તેમણે પોતાના વાળ કપાવીને બ્રમચર્ય વ્રતના પાલનની શરૂઆત કરી હતી. મીરાબેનને ભારત તથા ભારતીય સમસ્યાઓનો નિકાલ કરવામાં વધારે રુચિ હતી. તેઓ પોતાના માતા-પિતાના અવસાનના સમાચાર સાંભળીને પણ ઈંગ્લેન્ડ ગયા ન હતા આજ બતાવે છે કે મીરાબેન સાચા અર્થમાં ભારતીય અધ્યાત્મિક્તાણે વરેલા સાધ્વી હતા,તેઓ માનતા કે "હવે મારો દેશ ભારત છે તો ત્યાં જઈને ખોટું મોહમાં શુકામ પડવું છે." [૫]

## મીરાબેન અને હિન્દી ભાષા

ગાંધીજીની ઈચ્છા હતી કે મીરાબેન હિન્દીનું સારું જ્ઞાન મેળવે આથી તેઓ પૂરી નિષ્ઠાથી હિન્દી શીખવાના કામમાં લાગી ગયા હતા. તથા તેમણે ઘણી સારી હિન્દી શીખી હતી તેમણે ઉપનીષદો,રામાયણ,તથા મહાભારત જેવા ગ્રંથોનું ઊંડું અધ્યયન કર્યું હતું. તેમણે કુરાન પણ વાંચી હતી તથા ઋગ્વેદને તેઓ જેલમાં પણ વાંચતાં હતા, હિંદીમાં વધારે જ્ઞાન મેળવવાના હેતુથી તથા ગાંધીજીની ઈચ્છાથી તેઓ દિલ્હીમાં ગુરુકુળ છાત્રાલયમાં રેહવા ગયા હતા,ત્યાં તેમની મુલાકાત સ્વામી શ્રધ્ધાનંદ સાથે થઈ હતી જેમના વ્યક્તિત્વનો મીરાબેન પર ઘણો ઊંડો પ્રભાવ પડ્યો હતો. થોડો સમય દિલ્હીમાં રહ્યા પછી તેઓ ગુરુકુળ કાંગડી હરિદ્વાર ગયા હતા,ત્યારબાદ જમનાલાલ બજાજના કહેવાથી તેઓ ભાગવત ભક્તિ આશ્રમ રેવાડી ગયા હતા અને પછી ત્યાથી વર્ધામાં વિનોબા ભાવે આશ્રમે રહેવા લાગ્યા હતા.આમ ભારતીય દર્શનને સમજવાનો અને અનુંભવવાનો લાહવો મીરબેનને મળ્યો હતો.[૬]તેમના જીવનમાં **ઉપનિષદો**, **રામાયણ**, **મહાભારત અને કુરાન** વાંચીને તેમણે ભારતીય ધાર્મિક અને તત્ત્વજ્ઞાનિક ગ્રંથોનું ઊંડું અધ્યયન કર્યુંખાસ કરીને . **ગાંધીજીની ઈચ્છા અનુસાર**, હિન્દી ભાષા પર ગ્રહણ લાવવા માટે તેમણે ખૂબ પ્રયત્ન કર્યા અને ગુરુકુળોમાં રહેતા રહેતા ભારતીય દ્રષ્ટિકોણને સમજી શક્યા. **સ્વામી શ્રદ્ધાનંદ**, **વિનોબા ભાવે અને જમનાલાલ બજાજ** જેવા મહાન વ્યક્તિઓની સાથેનો તેમનો સંપર્ક પણ તેમનાં વિચારો પર અસરકારક રહ્યો.

## મીરાબેનના રચનાત્મક કાર્યો

મીરાબેન આશ્રમના કાર્યકર્તાઓ સાથે વર્ધામાં રહેતા થયા હતા પરંતુ ત્યાનું વાતાવરણ ગરમ હોવાથી તેમને માફક આવતું ન હતું. આથી તેઓ વારંવાર બીમાર પડી જતાં હતા,તેઓ ઠંડી હવા લેવા માટે સવારે ફરવા જતાં હતા પરંતુ ખુલ્લા મેદાનમાં જવાના માર્ગમાં એક ગામ આવતું હતું, જ્યાં ગામના લોકો રસ્તાની બંને બાજુ મળ ત્યાગ કરતાં હતા આથી મીરાબેન પોતે ત્યાં સફાઈનું કામ કરતાં, પાછળથી ગામના લોકો પણ સફાઈ કરતાં થયા હતા. સિંધી ગામની કામગીરી બાદ વર્ધાથી પાંચ માઈલ દૂર આવેલ સેગાવને તેમણે રચનાત્મક કાર્ય માટે પસંદ કર્યું હતું. સેગાવમાં મીરાબેન માટે ઝૂંપડી પણ બનાવવામાં આવી હતી જે અત્યારે ‘ બાપુની ઝૂંપડી ‘ ના નામથી ઓળખાય છે. ધીરે ધીરે તે ગામ ગાંધી વિચારધારાના પ્રચાર પ્રસારનું કેન્દ્ર બની ગયું હતું આથી સેગાવ ગામનું નામ બદલીને ‘સેવાગ્રામ’ રાખવામા આવ્યું હતું. ૧૯૪૪ માં પૂનાની જેલમાથી છૂટયા પછી તેમણે ઉત્તર ભારતમાં કામ કરવાની ઈચ્છા થતાં તેમણે ઉત્તર ભારતમાં મૂલદાસ પૂર ગામની મધ્યમાં ‘કિસાન આશ્રમ’ સ્થાપી ત્યાંજ રહેવા લાગ્યા હતા, જ્યાં તેમણે ગૌશાળા પણ શરૂ કરી હતી. ઉપરાંત દોલતપુરના આશ્રમ સુધી જવાનો રસ્તો કાચો હોવાથી તેમણે અંગ્રેજ અધિકારી જનરલ વિલિયમ્સના સહયોગથી પાકો રસ્તો બનાવડાવ્યો હતો. આ ઉપરાંત તેમણે બીછપુરી ગામનો ઉધ્ધાર કર્યો હતો આ ગામ નદીના નીચાણવાળા ભાગમાં હતું, વળી અહી હરિજનોના મકાનો માટીના હોવાથી નદીમાં પૂર આવતા ઘણું નુકસાન થતું હતું, આથી તેમણે ગાંધીજીને પત્ર લખ્યો હતો જેના ફળસ્વરૂપે મીરાબેનને ૫૦૦૦ રૂપિયાની સહાય મળી હતી જેના વડે તેમણે ટેકરાવાળા વિસ્તારમાં હરિજનો માટે નવા મકાનો બનાવડાવ્યા હતા, અને વધેલા પૈસા માથી પડોસી ગામના હરિજનો માટે પીવાના પાણી માટે તેમને હેન્ડ પંમ્પ લાગાવડાવ્યો હતો. એપ્રિલ ૧૯૪૬ થી ઉત્તર પ્રદેશમાં સરકારના મુખ્ય સલાહકાર તરીકે તેઓ રહ્યા હતા. ઉત્તર પ્રદેશમાં તેમણે કૃષિ શાળાઓ તથા ગૌશાળાઓ પણ શરૂ કરાવી હતી.ઉપરાત પશુલોક આશ્રમના મંત્રી તરીકે તથા ગોપાલ આશ્રમમાં પણ કામગીરી કરી હતી.[૭] પર્યાવરણ સંરક્ષણ અને હિમાલય બચાવ માટે તેમણે એક અભિયાન પણ ચલાવ્યું હતું. મીરાબેનને ભારતના પહેલા પર્યાવરણવાદીઓમાંના એક માનવામાં આવે છે. તેમણે હિમાલયના વનવિસ્તારને બચાવવા માટે ખાસ પ્રયાસો કર્યા. ગૌચર સંરક્ષણ અને ગાય બચાવો માટે પણ કાર્યો કર્યા હતા. હરિદ્વાર, ઋષિકેશ અને હિમાલય વિસ્તારમાં આશ્રમો સ્થાપવાનું કાર્ય પણ કર્યું હતું. ખેડૂતો, મહિલાઓ અને ગરીબ લોકો માટે શિક્ષણ અને સ્વરોજગાર પર કામ કર્યું હતું તેમજ વિનોબા ભાવેના આશ્રમમાં રહી ભૂદાન અને સમાજસેવાનાં કાર્યો કર્યા હતા. આમ મીરાબેને ગાંધીજીના અનુયાયી તરીકે પોતાનાં જીવનનો ઘણો સમય ગામડાં અને પર્યાવરણ માટે સમર્પિત કર્યો હતો.

## સ્વાતંત્ર્ય સંગ્રામમાં પ્રદાન

૧૯૩૧ની ગોળમેજી પરિષદમાં તેમણે ગાંધીજી સાથે હાજરી આપી હતી.ત્યારબાદ ૪ જાન્યુઆરી ૧૯૩૨માં ગાંધીજીને જેલવાસ થતાં,અને ભારતીય સમાચારપત્ર પ્રકાશિત કરવા પર મનાઈ હોવાથી મીરાબેન મુંબઈ ગયા હતા અને ત્યાથી સાપ્તાહિક રિપોર્ટ બનાવીને ઈંગ્લેંડ, ફ્રાન્સ તથા અમેરિકા તેમના મિત્રોને મોકલતા હતા. આથી મીરાબેનને ત્રણ માસ ની જેલની સજા થઈ હતી.મીરાબેનની કામગીરીથી સરકારી તંત્ર ખૂબજ હેરાન હતું આથી તેમણે મીરાબેનને મુંબઈ આવવા ઉપર પણ પ્રતિબંધ મૂક્યો હતો.પરંતુ મીરાબેન ફરીથી મુંબઈ આવતા તેમને એક વર્ષની જેલ થઈ હતી. ૧૯૪૨ના હિંદછોડો આંદોલન માં પણ તેમણે ભાગ લીધો હતો.આ સમયે ગાંધીજીએ તેમને ઓરિસ્સા મોકલ્યા હતા જેથી કરીને ત્યાનાં લોકોને જાગૃત કરીને જાપાનનું સંભવિત આક્રમણ રોકી શકાય આ માટે તેઓ દિલ્લી આવીને વાઇસરોયના સચિવને પણ મળ્યા હતા.અને ત્યાથી તેઓ કાંગ્રેસ કમિટીની બેઠકમા ભાગ લેવા મુંબઈ ગયા હતા. ૮ ઓગસ્ટે કાંગ્રેસી નેતાઓએ હિંદછોડો નો ઠરાવ પસાર કર્યો હતો અને ૯ ઓગસ્ટે ગાંધીજી, મહાદેવભાઇ દેસાઈ ની સાથે મીરાબેનને પણ જેલ થઈ હતી.આ ઉપરાંત મીરબેને એક '' **બાપુરાજ પત્રિકા** ''નામની એક માસિક પત્રિકા શરૂ કરી હતી. આમ ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં મીરાબેનનું એક ભારતીય કરતાં પણ વધારે મોટું પ્રદાન રહ્યું છે.[૮]

## મીરાબેનની ભારત વિદાય

૧૯૪૪માં જેલમાથી છૂટ્યા પછી તેમણે ભારત છોડવાનો નિર્ધાર કર્યો હતો. તેઓ કહેતા કે "ભૌતિકતાથી ઘેરાઈ રહેવું યોગ્ય નથી કારણકે જે વ્યક્તિ પોતાની જાતને અધિક ઊંચાઈઓની ગરમીથી સ્વસ્થ રાખી શકતો નથી તેને એવા સ્થાને જવું જોઈએ જ્યાં ઠંડી હવા હોય આથી મારા માટે સારું એજ છે કે હું ઈંગ્લેન્ડ જતી રહું અને ત્યાં મને મારા મિત્રો તથા સંબંધીઓ પણ મળી શકે છે. અને ત્યાના ઘણા સ્થાનોથી હું પરિચિત છું." આમ ૫ જાન્યુઆરી ૧૯૫૯માં મુંબઈ ગયા હતા અને ત્યાંથી ૨૮ જાન્યુઆરી ૧૯૫૯માં ઈંગ્લેન્ડ જવા રવાના થયા હતા.

**સમાપન**

અંતમાં મીરાબેન એક એવું વ્યક્તિત્વ છે કે જેઓ સાશક દેશના નાગરિક હોવા છતાં પણ એક ગુલામદેશના નાગરિક એવા ગાંધીબાબાના સિશ્યા બન્યા હતા. સાથેજ ભારતીય સંસ્કૃતિ તેમજ આધ્યાત્મિકતાને પોતાનામાં આત્મસાત કરી હતી. મીરાબેન પોતે લખે છે કે તેઓ પોતે બાપુનામાં એક ઈશ્વરની શોધ કરે છે અને કહે છે કે " મેને ઈશ્વરકે રૂપમે બાપુકો દેખનેકી કોશીશ કી હે ". મીરાબેન બાપુને પોતાના આદ્યાત્મિક ગુરુ માનતા હતા. પણ બાપુ તેમને માત્ર એક ઈશ્વરમાજ પોતાના ગુરુને શોધવાનું કહેતા હતા. બાપુ અને મીરાબેન વચ્ચે થયેલા પત્રવ્યવહાર માં બાપુએ કુલ ૬૫૦ જેટલા પત્રો મીરાબેનને લખ્યા હતા અને જેનું પ્રકાસન મીરબેને કર્યું છે. અને તેને સ્વાતંત્ર્ય સંગ્રામના સમયે બ્રિટિશ અધિકારીઓની જપ્તી માથી બચાવવા માટે મીરાબેન તેને પોતાના મિત્રોના ઘરે સંતાડી દેતા હતા. આજે આ પત્રો આપણને ઉપલબ્ધ છે તેની માટે આપણે સૌ મીરાબેનના ઘણા આભારી છીએ.૧૯૭૯માં ભારત સરકારે તેમને ' પદ્મ વિભૂષણ ' થી નવાજયા હતા.ત્યારે તેઓ ઓસ્ટ્રિયાના વિયેનાથી ૫૦ માઈલ દૂર એક નાનકડા ગામમાં રહેતા હતા. ત્યાજ તેમનું ૨૦ જુલાઇ ૧૯૮૨માં ટેનૌ દેહાવસાન થયું હતું.[૯]

## પાદનોધ


૧. ડૉ.સુધા સિંહ,વિશ્વ વિખ્યાત નારીઓકી વિલક્ષણ પ્રતિભા,પુષ્પાજલી પ્રકાશન,દિલ્હી,૨૦૧૬.પૃષ્ઠ. ૮૦

૨. એજન પૃષ્ઠ ૮૧

3. ચોધારી રામનારાયણ(અનુવાદક)બાપુ કે પત્ર મીરા કે નામ,નવજીવન પ્રકાશન મંદિર,અમદાવાદ,૧૯૫૯,પૃષ્ઠ. ૦૮

૪. શર્મા સીમા,ભારત કી મહિલા નેત્રીયા,ગૌરાંગ પ્રકાશન,જયપુર,૨૦૧૩,૪૭

૫. ઉપરોક્ત પાદનોધ,૧,પૃષ્ઠ,૮૨-૮૩.

૬. એજન પૃષ્ઠ ૮૪

૭. એજન પૃષ્ઠ,૮૪

૮. ઉપરોક્ત પાદનોધ ૪ પૃષ્ઠ. ૪૮

૯. ઉપરોક્ત પાદનોધ 3 પૃષ્ઠ ૮૪